અંતરના પ્રદેશોમાં પ્રવેશ

તરેહતરેહના કામે લાગેલા ગણગણાટોમાં વ્યગ્ર રહેતા મનમાંથી સાવિત્રી બહાર નીકળી; ઘોંઘાટથી ભર્યા ચૌટામાંથી જઈને કોઈ ગુફામાં એણે પ્રવેશ કર્યો હોય એવું એને લાગ્યું. આ ચમત્કારી ક્ષણમાં એનું મન વિચારશૂન્ય બની ગયું ને એક ખાલીખમ ઊંડાણની મૂગી અનંતતા પર એની આંખો મંડાઈ .

એની ઊંચાઈઓ ઓસરી ગઈ, ઊંડાણો પછવાડે બંધ થઈ ગયાં. એ રિક્ત રિક્ત બની ગઈ. પણ પાછી એ પોતાના વિચારમય સ્વરૂપમાં આવી ત્યારે પૃથ્વીની સામાન્ય માનુષી બની ગઈ. સપાટી પરના સ્વરૂપને જ સ્વાત્મસર્વસ્વ સમજતા ભૂતકાળના માનવ અજ્ઞાનમાંથી એ માર્ગ શોધતી હતી ત્યાં એક સાદ સુણાયો :

"માનવજાત માટે તું મેળવવા માગે છે, માત્ર તારી પોતાની જાત માટે નહિ. પ્રભુ માનવ મન ધારણ કરે, મર્ત્ય-અજ્ઞાનનો વેશ પહેરે અને ત્રિવિક્રમ વામન બને તો જ માણસને પ્રભુમાં વિકાસ પામવામાં તે સહાય કરી શકે. મનુષ્યના છદ્મવેશમાં રહી વિરાટ મહિમા કાર્ય કરે છે, ગૂઢ અગમ્ય દ્વાર શોધી અમૃતસ્વરૂપનાં બારણાં ઉઘાડી આપે છે. માનવી મનુષ્ય પ્રભુનાં માનવી પગલાંને અનુસરે છે. માણસનો અંધકાર તું સ્વીકાર ને એને માટે પ્રકાશ આણ, એનો શોક સ્વીકાર ને એને માટે પરમાનંદ આણ, જડદ્રવ્યના દેહમાં તારો સ્વર્ગ-જાયો આત્મા પ્રાપ્ત કર."

સાવિત્રી શરીરમાંથી નીકળીને વેંતપૂર બહાર ઊભી ને ત્યાંથી પોતાની સૂક્ષ્મ સત્તાનાં ઊંડાણોમાં નજર નાખી, ને કમળની કળીમાં હોય તેમ એના હૃદયમાં પોતાનો ગૂઢ ચૈત્ય આત્મા છે એવું એણે અનુમાનથી જાણ્યું. આંતર જીવનના સ્થૂળ અને સૂક્ષ્મને અળગાં રાખતા અબનૂસના દરવાજા ઉપર ટકોરા મારી એણે દબાણ કર્યું અને અધ્યાત્મ સ્પર્શના અત્યાચાર સામે બારણે જાણે ફરિયાદ કરી. અંદરથી ભયંકર અવાજ આવ્યો : "પાછો ફર, પાછો ફર, ઓ પૃથ્વીલોકના જીવ ! પાછો ફર, નહિ તો રિબાઈ રિબાઈને દીર્ણવિદીર્ણ થઈ તું મરી જશે."

ઊમરા ઉપરનો સર્પ ફૂંફાડા મારતો ઊભો થયો, અંધકારના શિકારી સારમેયો મોં ફાડીને ઘૂરક્યા, ભૂતપિશાચોએ ભવાં ચડાવી તાકવા માંડયું, વિકરાળ હિંસકોએ થિજાવી નાખે એવી ગર્જના કરી, પણ તેમ છતાંય સાવિત્રીએ બારણા ઉપર દબાણ વધાર્યું અને એ કચૂડ કચૂડ કરતું ઊઘડી પડયું. વિરોધક બલોએ પોતાની રક્ષક ચોકી પાછી હઠાવી લીધી. સાવિત્રી અંદરનાં જગતોમાં પ્રવેશ પામી.

અવચેતનાના સાંકડા દ્વારમાં એને દુ:ખપૂર્વક શ્વાસ લેવો પડયો. ઈન્દ્રિયોમાં છુપાયેલા અંતરાત્માને શોધવા એણે પ્રયાસ કર્યો. સૂક્ષ્મ દ્રવ્ય સઘન જામેલું હતું, આ શકિતઓનો પુંજ વિવરને ભરી રહ્યો હતો, ઊંધી દિશામાં દોરતા ચમકારા નાગ દેખાતા હતા, ભારે અંતરાયો હોવાથી દૃષ્ટિ કામ કરતી નહોતી, છતાં તે સર્વની અંદર સાવિત્રીએ દેહમાં થઈ આત્મા પાસે લઈ જતો માર્ગ બેળે બેળે કર્યો.

એક જોખમભરી સરહદ સાવિત્રીએ વટાવી. પ્રાણ ત્યાં અવચેતન અંધકારમાં ઊતરી પડતો હતો, યા તો જડતત્ત્વમાંથી મનની અંધાધૂંધીમાં આવવા મથતો હતો. સ્વચ્છંદી સત્ત્વો ને અસંયત બલો ત્યાં ગોલમાલ મચાવી રહ્યાં હતાં. ત્યાં હતું તો બધું જ પણ કશું જ પોતાને સ્થાને નહોતું. ત્યાં ચૈત્યાત્મા નહોતો, હતા માત્ર પ્રાણનાં ભુમરાણો. આસપાસ હતા ઓળખાય નહિ એવા અવાજો, સ્વરોનો સંઘર્ષ, ટોળાબંધ દૃશ્યો ઢંગધડા વગર ધક્કામુક્કી કરી આગળ આવતાં હતાં. ત્યાંનું બધું જ અન્યની પરવા કર્યા વગર પોતાને માટે જ પ્રવર્તતું હતું. લાગણીઓ, વિચારો તાણંતાણી કરતાં હતાં ને વિવેકને તો તેમણે પદભ્રષ્ટ બનાવી દીધો હતાં ને આત્માના એ સંતરીને મારી નાખીને જીવનની ગટરમાં ગબડાવી દીધો હતો.

દૈવી સ્પર્શથી પ્રાણ જાગે છે ને ઇન્દ્રિયોની અંધપ્રેરણાની અંધાધૂંધીમાંથી નીકળી ઊંચે જાય છે. પણ મન વગર મનુષ્ય મહિમાવંતો બનતો નથી. મન વગરના દેહમાં પ્રકાશ હોતો નથી, આત્માનો ને જીવનનો હર્ષ હોતો નથી. બધું જ ત્યાં અવચેતન ને અંધકારમય બની જાય છે, અથવા તો વૃત્તિઓનું પાગલપણું ને અરાજક આવેગો સ્વભાવ ઉપર ચઢી વાગે છે.

આ અવસ્થાનો હવે મોટો ડર હતો, પણ સાવિત્રીએ તેનેય આઘી હડસેલી મૂકી, પોતાના સંકલ્પબળથી ત્યાંનાં ધાડાંઓનો સામનો કર્યો અને પરિત્રાતા પ્રભુના નામ ઉપર ચિત્તને સ્થિર કર્યું. પરિણામે ઉધમાત શાંત થઈ ગયો, બધું સાફ થઈ ગયું ને પોતે નિર્મુકત બની ગઈ. એક અનામી ને મહાસુખમયી શાંતિમાં એ સંચાર કરવા લાગી.

પણ આ અવસ્થા ઝાઝી ટકી નહીં. સ્થૂલ મનનું ને અચિત્‌ની ભૂંજરનું દબાણ હઠી ગયું, પરંતુ પ્રાણે પોતાનું રાક્ષસી માથું ઊંચકયું. એની ઉપર મનનું કે ચૈત્ય પુરુષનું શાસન સ્થપાયું નહોતું. મહાસાગરની ભરતીને વેગે એ ઊછાળા મારતો આવ્યો. પ્રભુએ પણ એની ઉછૃંખલ શકિતને વશ વર્તવું જોઈએ એવું એ માગતો હતો. સાવિત્રીના હૃદયે એને અનુમોદન આપવું જોઈએ ને આત્માએ એની લોલુપ લાલસા ઉપર મહોરછાપ મારવી જોઈએ એવો એ દાવો કરતો હતો.

સારી પ્રકૃતિની ક્ષુધા એનામાં ભરી હતી. પાતાળમાંથી એનું પ્રલોભન આવતું. કામુકતાનું ને મૃત્યુનું મધ-મીઠું માદક વિષ વાસનાના અતલ કૂપમાંથી એણે પીધું હતું. એને એ દેવોના જીવનનો મહિમા માનતો. મારક બળને એ બોલાવતો, હાનિકારક હર્ષોને માટે જતો, ઊર્ધ્વે આરોહતો, ગર્તોમાં ગરકાતો, મધુર અનુરાગ

અને તીવ્ર દ્વેષ, તડકોછાંયડો, હાસ્ય ને રુદન, સ્વર્ગમાં શ્રદ્ધા અને નરકો શું નાતો,—આવા આવા વિરોધોમાં એ વિહાર કરતો. ભય, હરખ, નિરાશા અને જાદૂગરી ભર્યો આ પ્રાણ અમૃતનો આસ્વાદ અને કાલકૂટનો દંશ આપતો. એના આવેગો આવેશની પાંખે ઊડતા. એના મનના ઝડપી વિચારો રંગબેરંગી શોભા ધારતા, એના અવાજો પ્રેરણાની વિડંબના કરતા, એની ત્વરાયમાણ વીજ જેવી ગતિ દેવોની છલંગનું અનુકરણ કરતી, એની તીક્ષ્ણ ધાર શંકાની જાળ કાપી નાખતી, એની વિવેચના દેવતાઈ દેખાતી; છતાંય મનનું જ્ઞાન સૂર્ય પાસેથી ઉછીનું લીધેલું હતું. એનું બળ જોખમકારક હતું. પ્રભુની વારુણીમાં એ વિષ ભેળવી દેતું. સત્ય અસત્યના સ્નેહના હસ્તમાં આનંદ લેતું, એની તરવારની ધાર અસત્યની બનેલી હતી.

પ્રાણના આ અધસ્તલ પ્રદેશોમાં બધાં વિપરીતો એકઠાં થતાં. સત્ય આંખે પાટા બાંધીને કામ કરતું, અજ્ઞાન જ્ઞાન માટે આમ્રજનનું કાર્ય કરતું. પ્રાણના છલંગતા ઘોડા અમર જીવનનો ઝભ્ભો પહેરી મૃત્યુ જ્યાં ઊભું છે ત્યાં લઈ જતા, એક એવી ખાઈમાં લઈ જતા કે જ્યાંથી જીવ કદી બહાર નીકળી શકે નહિ. ત્યાં ફસાયેલા જીવો પ્રાણની કામનાના ક્રીતદાસ બની જતા, ને એમનાં શરીર આખરે શૂન્યમાં શમી જતાં.

છતાંય કેટલાક ભાગ્યશાળી આત્માઓ પકડાયા વગર ને માર્યા ગયા વગર ત્યાંથી સાવધાન પસાર થઈ જાય છે. એમના રક્ષિત હૃદયમાં સત્ય હોય છે, ભ્રમણાઓમાંથી તેઓ જ્ઞાનને ચૂંટી કાઢે છે, ક્ષુદ્ર જાતની આંધળી દીવાલોમાં થઈને તેઓ બહાર મહત્તર જીવન પ્રત્યે જાત્રાને લઈ જાય છે.

સાવિત્રીના ઉચ્ચ આત્માની આસપાસ પ્રાણનો જે સાગર ઘોર બુમરાણ કરતો ઊછળી રહ્યો હતો તે ઓસર્યો ને એની ગર્જનાઓ આઘે આઘે સંભળાઈ. હવા સ્વચ્છ થઈ ગઈ, શાંતિ પથરાઈ, નીલાકાશ ને લીલી ધરા સૌન્દર્યમાં સહભાગી બની ગયાં, એમને પૂર્વવત્ સુખનો સાથ મળવા માંડ્યો. પૃથ્વી કોરી અને કલુષતા વિનાની બની ગઈ. સાવિત્રીના નીરવ આત્મસ્વરૂપ આગળથી પ્રાણનો કોલાહલ પલાયન કરી ગયો ને એ મૂક ને મુકત બની ગઈ.

પછી આત્માની વ્યાપક ચુપકીદીમાં થઈને આગળ વધતાં સાવિત્રી એક ઝગમગ થતા અવકાશમાં આવી. ત્યાં પ્રાણની ઉદ્દામ સ્વચ્છંદતા ઉપર અંકુશ મુકાયો હતો, એની દુર્દાન્તતાને દાબી દેવામાં આવી હતી, એના બંડખોર બળને બેડી પહેરાવવામાં આવી હતી. એને માટે હવે માત્ર મુક્તિ વગરનો મહિમા જ રહ્યો હતો. એકવારના એના સેવકો—મન અને ઇન્દ્રિયો એની ઉપર અમલ ચલાવવા માંડયાં હતાં. બુદ્ધિનું સમતોલ શાસન હવે સુવ્યવસ્થા અને શાંતિ જાળવતું હતું. પ્રાણનો જુસ્સો પાકી મર્યાદાઓમાં પુરાઈ ગયો હતો. શોભાનો આભાસ આપતી સાંકળોમાં એના ઓજને બેળે બાંધવામાં આવ્યું હતું, અને એને સ્થાને બુદ્ધિની સમ્મિતિ મૂકવામાં આવી હતી. ભેગી કરેલી હકીકતો સંતરીનું કામ કરવા માટે નિમાઈ હતી. જીવાત્માને ગાદીને સ્થાને કાયદાનું આસન અને રાજ્ય ચલાવવા માટે

નિયમબદ્ધ નાનું શું જગત અપાયાં હતાં. પંતુજી મને પ્રાણનો મોટો પ્રદેશ સર કર્યો હતો. ભાવનાનું ક્ષેત્ર પણ મર્યાદિત બનાવી દેવાયું હતું, જડ જમીન સાથે એને જડી દેવામાં આવી હતી. પ્રાણનું સામ્રાજ્ય નિયંત્રિત કરાયું હતું ને એના ખ્યાલોને શિસ્તબદ્ધ સેનામાં પલટાવી દેવાયા હતા. ગગનના તારકો જેવી એમની વ્યવસ્થા રચાઈ હતી. જિંદગી જનાનખાનાની ખાનદાન બાઈ જેવી બની ગઈ હતી. પ્રાણના સાહસના ને સ્વચ્છંદના સપાટાઓ સપાટામાં આવી ગયા હતા.

પ્રાણને હવે સલામત સપાટ રાહે ચઢાવી દેવાયો હતો. એની ધૃષ્ટતાઓને માટે અવકાશ રાખવામાં આવ્યો નહોતો. પોતાના આવાસમાં એ કો દેદીપ્યમાન દેવને આમંત્રી શકતો નહિ, અસીમમાં જવાને જગતની સીમા છોડી શકતો નહિ, આરાધનીયને હૃદયના ભાવથી ભેટી શકતો નહિ, અંતરના અગ્નિથી વિશ્વને વૈશ્વાનર બનાવી શકતો નહિ.

સંયમ, શિસ્ત અને મર્યાદા જીવનનાં લક્ષણ બની ગયાં હતાં. સર્વ વાતમાં મિતતાનું એને શિક્ષણ અપાયું હતું. વિચાર ઊંચે ઊડીને નીલાકાશમાં નિલીન થઈ જતો નહિ. નિશ્ચિત લક્ષ્યે સાવધાન તર્ક સંચાર કરતો; એની ઉચ્ચમાં ઉચ્ચ કક્ષા શાંત સંકલ્પે સમાપ્ત થતી, ઉચ્ચ શાસનની ચાલથી એ અંતરના કોષો જીતી લેવા પ્રેરાતો. સચેત આત્માનું ઉડ્ડયન સેવાતું નહિ, પરમાત્મા સાથે વ્યવહાર બાંધી શકાતો નહિ, સનાતનને માર્ગે પગલાં માંડી શકાતાં નહિ. કર્મ ને વિચારના ચણતરથી એક દીવાલ ઊભી થતી, અલ્પ આદર્શો ચૈત્યાત્માને સીમિત બનાવી દેતા. એક ઐકાન્તિક ઈશ્વરને આરાધાતો, ધ્યાનનું આસન પણ નાનું શું રાખવામાં આવતું, વિશ્વને માટે બંધ રાખેલાં બારણાંવાળા મંદિરમાં વિશ્વરૂપ પ્રભુની પ્રાર્થના થતી. યા તો અશરીરી અવ્યક્તની આગળ બધા ઘૂંટણિયે પડતા, પ્રેમના પોકારની ને પાવકની પ્રત્યે મન બંધ રહેતું, શાસ્ત્રગ્રંથો ગાદી પર મુકાતા, ધાર્મિક માન્યતાઓ અધ્યાત્મ સત્યની ઉપર સીલબંધી કરી દેતી.

અહીં નહોતો ચૈત્ય કે આત્મા, હતું માત્ર મન ને એ મન પોતે જ ચૈત્યાત્મા છે એવો દાવો કરતું. આત્મા ત્યાં પોતાને મનના એક રૂપે જ જોતો અને વિચારના મહિમામાં ડૂલ થઈ જતો. વિચારનો પ્રકાશ સૂર્યને અદૃશ્ય બનાવી દેતો. સાવિત્રી એક એવા સ્થિર સ્થાનમાં આવી કે જ્યાં બધું નિશ્ચલ હતું ને સર્વ વસ્તુઓ પોતાને સ્થાનકે જ રહેતી. ત્યાં સર્વ કાંઈ આખરી સ્થાયિતા ધારી રહ્યું હતું. આવા આ તર્કબદ્ધ શિલીભૂત સ્થાનમાંથી એક જ્ઞાની આગળ આવ્યો અને ઈશ્વરીય વાણીનો આભાસ આપતાં વાક્યોએ બોલ્યો: "ઓ આંતર જગતના પ્રવાસી, યાત્રી જીવ! ઓ જીવનની પૂર્ણતાના અભીપ્સુ! તારી કામના અહીં પૂરી કર, શોધવાનું છોડી દે ને શાંતિમાં નિવાસ કર. અહીં સત્ય છે, અહીં પ્રભુનો સ્વરમેળ છે. પસંદગી પામેલાઓના પત્રકમાં તારું નામ નોંધાવી દે. પ્રભુએ જીવન માટે સંમત કરેલું સર્વ અહીંયાં સારસંગ્રહ રૂપે ગોઠવાયેલું છે. અહીં છે છેલ્લી દીવાલની સલામતી, જ્યોતિની

તરવારની ચમકતી ધાર, એક એવા સત્યનો વિજય, દોષમાત્રથી મુકત મહામુદાનો હીરકમણિ અહીં પ્રજવલે છે. સ્વર્ગનો ને સંસારનો માનીતો બનીને, હે જીવ! તું અહીંયાં રહે."

સાવિત્રીએ ઉત્તર આપ્યો. અત્યંત તુષ્ટ અને આત્મવિશ્વાસી એ ડાહ્યાઓના રાજ્યમાં એના શબ્દોએ દૃષ્ટિની મુક્તિ ફેંકી, સંદેહ કરતો હૃદયનો આંતરિક અવાજ નાખ્યો:

"ભલે તમને તમારું સત્ય મળ્યું હોય, સનાતન નિયમને તમે શોધી કાઢયો હોય, ભલે તમે આશા, શંકા તથા ભયથી અસ્પૃષ્ટ અવસ્થામાં રહેતા હો, શ્રદ્ધાનો અચળ ખડક ઊભા રહેવા માટે તમને મળ્યો હોય, ભલે તમારી ખોજ પૂરી થઈ ગઈ હોય, આભાસી વસ્તુઓનું જ્ઞાન ભલે તમને થઈ ગયું હોય, વસ્તુઓની વ્યવસ્થાનું વિજ્ઞાન તમને થઈ ગયું હોય તોય ભલે. પણ હું રોકાઈ જવા માગતી નથી, મારે તો મારા ચૈત્ય આત્માની પ્રાપ્તિ કરવી છે."

એ સુતુષ્ટ લોકોમાંથી કોઈએ જવાબ આપ્યો નહિ. તેઓ પોતાની અભ્યસ્ત દિશાએ વળ્યા. સંદેહ કરતા શબ્દોથી તેમને આશ્ચર્ય થતું હતું, અને હજુય પારની પ્રત્યે વિચારો વળે છે તેથી તેઓ વિસ્મય પામતા હતા. સૌ પોતપોતાની માન્યતા પ્રમાણે સાવિત્રીને સમજ્યા ને ત્યાંના જેવા બીજા જગતમાંથી આવેલા થોડા બડબડયા: "કોણ છે આ? એને એટલીય ખબર નથી કે આત્મા એક નાનામાં નાની ગ્રંથિ છે કે સ્રાવનો દોષ છે! એના દ્વારા મનના રાજ્યમાં અશાંતિ આવી જાય છે, માથામાં વ્યવસ્થિત કાર્ય ચાલતું નથી. કુદરતના નાશવંત ગૃહમાં શું એ વસવાટ કરતી ઝંખના છે? માણસના પોલા વિચારોની ભીતરમાં શું એ ગુસપુસ કરતું સ્વપ્ન છે? મૃત્યુના સાગરમાં શું એ જીવનને ચપકાઈ જતું કંઈક છે?"

પણ બીજા થોડા બોલ્યા: "અરે ભાઈ! આ બાઈ તો પોતાના આત્માને ઢૂંઢે છે. જીવ છે પ્રભુના નામનો દીપ્તિમંત છાંયડો, આદર્શના પ્રદેશનું નિરાકાર તેજ કે મનનો પવિત્ર આત્મા: પણ કોઈ એની સીમાને સ્પર્શ્યું નથી કે નથી જોયું કોઈએ એનું મોં. પ્રત્યેક જીવ ક્રોસે ચઢેલો પ્રભુનો પુત્ર છે. મન એ આત્માનો જનક છે, એનું સચેતન કારણ છે, મન જ દૃશ્ય જગતનું સર્જનહાર છે. અહીં જે બધું છે તે આપણો પોતાનો જ એક ભાગ છે, મને આપણા આવાસરૂપ આ જગત બનાવ્યું છે." વળી એક ગૂઢ અતૃપ્ત નયનવાળો બોલ્યો: "શું હજુય કોઈ પારની વસ્તુને શોધે છે? શું હજુય માર્ગ શોધી શકાય છે? દરવાજો ખોલી શકાય છે?"

સાવિત્રી પોતાના નીરવ આત્મામાં થઈને આગળ ચાલી. એક માર્ગ આવ્યો ને ત્યાં એક ઉત્સાહી વૃન્દની ઠઠ જામી હતી. પ્રદીપ્ત પગલે એ ઝડપભેર ચાલતું હતું. વૃન્દની આંખોમાં સૂર્યપ્રકાશ હતો, તે જગતની ગૂઢ દીવાલે પહોંચવાને ભીડાભીડ જતું હતું. ઢંકાઈ રહેલાં બારણાંમાં થઈ બાહ્ય મનમાં એ જવા માગતું હતું.

પડદા પાછળનાં આપણાં માહત્મ્યોમાંથી આવતા એ હતા સંદેશવાહકો,

ગુપ્ત ચૈત્ય-ગુહામાંથી આવતા મહેમાનો. તેઓ આપણી અધ્યાત્મ નિદ્રામાં માર્ગ કરી ઘૂસી આવે છે, આપણી જાગ્રત અવસ્થામાં વિશાળા વિસ્મયો લાવે છે, આવ્યા જ કરતી ભાસ્વંત ભાવનાઓ, અજાત સત્યતાને સૂચવતાં સ્વપ્નો, આંખે જાદૂ ભર્યા હોય એવી દેવીઓ, આશાની સિતારી બજાવતા બળવાન દેવો, ચંદ્રિકાધવલ દર્શનો, અભીપ્સાની સૂર્યપ્રભા, તારકોમાંથી કંડારી કાઢેલાં અંગો ને હૃદયને પરમોદાત્ત બનાવી દેતાં ભાવસંવેદનો લાવે છે.

સાવિત્રી એ વૃન્દમાં ભળી જઈને એમણે ધારણ કરેલી અધ્યાત્મજ્યોતિ માટે ઝંખવા લાગી ને એમના અનુકરણમાં પ્રભુના જગતને બચાવી લેવાની લાલસાથી લાલાયિત થઈ ગઈ. પણ એણે હૃદયમાં જાગેલો ઉચ્ચ આવેશ લગામમાં લઈ લીધો; કેમ કે એને ભાન હતું કે પોતે તો પોતાના ચૈત્ય સ્વરૂપની શોધમાં નીકળી હતી. જેઓ પોતાની જાતનો ઉદ્ધાર કરે છે તેઓ જ બીજાઓનો ઉદ્ધાર કરી શકે છે. ઊલટસૂલટ અર્થમાં એણે જીવનની સમસ્યાના સત્યની સંમુખતા સાધી. પેલું વૃન્દ દુ:ખી જનો માટે જ્યોતિ લઈને બહારના જગત તરફ જતું હતું ને સાવિત્રી પોતે સનાતન મૂળની પ્રત્યે દૃષ્ટિ વાળી રહી હતી. ઊંચે હાથે એણે પેલા લોકોને ઊભા રહી જવા માટે પોકાર કર્યો : "અરે ઓ સુખિયા પ્રકાશમાન દેવો ! મારે જવા માટેનો કયો રસ્તો છે તે બતલાવો, કેમ કે તે ઉજ્જ્વલ ધામ જરૂર તમારું હોવું જોઈએ. ગહન અગ્નિનું જન્મસ્થાન મારે જોવું છે. મારા ગુપ્ત ચૈત્યાત્માનો અંતરનો નિવાસ મારે શોધી કાઢવો છે."

નિદ્રાની આઘેની કિનારે આંતર જગતની એક દૂરની પૃષ્ઠભોમમાં આવેલી એક ઝાંખી નીરવતા તરફ આંગળી ચીંધી એક જણ બોલ્યો : "સાવિત્રી ! અમે તારા ગુપ્ત ચૈત્યાત્મામાંથી આવીએ છીએ. નિગૂઢના દેવો અમે સંદેશવાહકો છીએ. માણસોનાં જડસાં જીવનોને અમે સુન્દરતા પ્રત્યે, આશ્ચર્ય પ્રત્યે જાગ્રત કરીએ છીએ ને એમને મહિમાનો ને દિવ્યતાનો સ્પર્શ સમર્પીએ છીએ. અશુભમાં અમે શુભની અમર જ્વાલા જલાવીએ છીએ, અજ્ઞાનના માર્ગો પર જ્ઞાનની મશાલ ધરીએ છીએ. તારો ને મનુષ્યમાત્રનો પ્રકાશ માટેનો જે સંકલ્પ છે તે અમે છીએ. પ્રભુની ઓ માનવી પ્રતિકૃતિ ને છદ્મવેશ ! જેને તું શોધે છે તે દેવ તો તારામાં જ છુપાઈ રહેલો છે, તેં જે સત્યને જાણ્યું નથી તે સત્યથી તો તારું જીવન ચાલે છે. જગતના વળાંક લેતા ધોરી માર્ગે એના મૂળ સુધી જા. વિરલાઓનાં જ્યાં પગલાં પડયાં છે તે નીરવતામાં એક ઉઘાડા પાષાણ પર પરમ અગ્નિને તું પ્રજ્વલતો જોશે ને તારા ગૂઢ ચિદાત્માની ગહન ગુહાનાં તને દર્શન થશે."

પછી સાવિત્રી એ દિશાએ વળી. અજ્ઞાત ગહનોમાંથી થોડાંક દેદીપ્યમાન સ્વરૂપો પ્રકટ થયાં અને એને અમર આંખોથી જોવા લાગ્યાં. ત્યાંની ચિંતન-નિમગ્ન ચુપકીદીમાં વિક્ષેપ કરતો એકે અવાજ આવ્યો નહિ. ચૈત્ય પુરુષનું મૌન સાન્નિધ્ય ત્યાં અનુભવાતું હતું.